## MSUની મેનેજમેન્ટ ફેકલ્ટીમાં ગેસ્ટ લેક્ચર યોજાયું

# આત્મવિશ્વાસથી ભરેલ જીવન જીવવાની રીતોની માહિતી આપાઈ

। વડોદરા ।

શહેરની એમ એસ યુનિવર્સિટીની મેનેજમેન્ટ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ માટે એક ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમી લાઈફ સાયન્સના એચ.આર વિભાગના હેડ દ્વારા વિદ્યાર્થીઓને **Improve Your Personal Effectiveness: A Life Beyond Institute** પર માહિતી આપી હતી.

એમ.એસ. યુનિવર્સિટી, મેનેજમેન્ટ ફેકલ્ટી ખાતે બુધવારે એક વિશિષ્ટ ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. **Improve Your Personal Effectiveness: A Life Beyond Institute** વિષય પર આ ઉત્તમ સત્રમાં વિદ્યાર્થીઓએ અભ્યાસથી આગળના જીવનને વધુ અસરકારક રીતે જીવવા માટે જરૂરી પાસાઓ અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બિરજુ મિસ્ત્રી, હેડ **HR - AMI Life Sciences Pvt. Ltd.** ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ સાથે તેમની કારકિર્દી, જીવનનાં અનુભવો અને



મેનેજમેન્ટ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ માટે એક ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સફળતાના મંત્રો રજૂ કર્યા. વ્યક્તિત્વ વિકાસ, વ્યવસાયિક અભિગમ અને આત્મવિશ્વાસથી ભરેલ જીવન જીવવાની રીતો વિશે તેમણે ઉંડાણપૂર્વક ચર્ચા કરી.

ફેકલ્ટી ડીન સુનિતા શર્માએ અભિનંદન આપતાં કહ્યું કે, આવા સત્રો વિદ્યાર્થીઓને થિઅરી અને પ્રેક્ટિકલ જીવન વચ્ચે પુલ બનાવવામાં મદદરૂપ થાય છે અને તેમના વ્યવસાયિક વિકાસ માટે ખૂબ જ ઉપયોગી છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.